અમદાવાદમાં ૧૧મીથી ઉમિયાધામ મંદિરનો શિલાન્યાસ મહોત્સવ

કડવા પાટીદાર સમાજનાં કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સોલા ખાતે ૧૫૦૦ કરોડના ખર્ચે સાકાર થનારા મંદિરનો ત્રણ દિવસ શિલાન્યાસ મહોત્સવ યોજાશેઃ ૧૧મીએ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો હાજર રહેશે

અમદાવાદ, તા.૮

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા અમદાવાદના સોલા ખાતે 11,12,13 ડિસેમ્બરે ઉમિયાધામ મંદિરનો ભવ્ય શિલાન્યાસ યોજાશે, જેમાં 11 ડિસેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો હાજર રહેશે. જ્યારે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આ કાર્યક્રમનું ઉદઘાટન કરશે. આ ઉપરાંત 13 તારીખે વડાપ્રધાન મોદી આ મહોત્સવમાં વર્ચ્યુઅલી જોડાઈને સંબોધન પણ કરશે.

ઊંઝા ઉમિયાધામના ચેરમેન બાબુ જમનાદાસ પટેલે જણાવ્યું હતું કે 1500 કરોડના ખર્ચે વિશાળ ઉમિયાધામ મંદિર બનવા જઈ રહ્યું છે ત્યારે તેનો શિલાન્યાસ મહોત્સવ આગામી 11 થી 13 ડિસેમ્બર સુધી 3 દિવસ ચાલશે. ધર્મ સંકુલની સાથે શિક્ષણ સંકુલ સહિતની નવી ઈમારતો પણ બનાવવામાં આવશે. સમાજનાં 1200 કરતાં પણ વધુ દીકરા-દીકરીઓ માટે સ્કૂલથી લઈને માસ્ટર ડીગ્રી સુધીની વ્યવસ્થા કરાશે. સૌને સાથે રાખીને કડવા પાટીદારો આગળ ચાલી રહ્યા છે. માતાજીની સંસ્થામાં કોઈ રાજનીતિ નથી, તમામ રાજકીય પક્ષના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંદાજે 4 થી 5 વર્ષમાં પૂર્ણ થશે.

પ્રાચીન સંપૂર્ણ શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર મંદિરનું નિર્માણ થશે, એમ જણાવતા ઊંઝા ઉમિયાધામના માનદ મંત્રી દિલીપ પટેલે કહ્યું હતું કે, નાગરશૈલીની પ્રાચીન થીમ પર 255 ફૂટ,160 ફૂટ અને 132 ફૂટ શિખર કળશ સાથેનું ભવ્ય મંદિર બનશે. મંદિરમાં ક્યાંય પણ લોખંડ નહીં વપરાય. 11 ડિસેમ્બર, 2021ના શિલાન્યાસ મહોત્સવનું ઉદઘાટન થશે. સવારે 9 કલાકે 51 હજાર કરોડના શ્રી ઉમિયા શરણમ મમ મંત્રો સાથે પોથીયાત્રા નીકળશે. જ્યારે 12 ડિસેમ્બરના સવારે નવચંડી મહયજ્ઞ થશે તેમજ 13 ડિસેમ્બરના શીલાન્યાસ પુજન કાર્યક્રમ યોજાશે. 501 શીલપુજન યજમાન સાથેના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી, પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ મંડવીયા તેમજ પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી, પાટીદાર સંસ્થાના આગેવાનો, ધર્મચાર્ય, સંતો ઉપસ્થિત રહેશે.

ઊંઝા ઉમિયાધામના કન્વીનર રમેશ દૂધવાળાએ જણાવ્યું હતું કે ઉમિયાધામ સંસ્થા સર્વે સમાજને સાથે રાખીને કામ કરતી સંસ્થા છે. અંબાજી, બહુચરાજી સહિત અમારી સંસ્થાઓ લોકોને મદદરૂપ થાય છે. અમદાવાદમાં 74 હજાર વાર સાથે ભવ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. હાલ 300 કરોડનો ખર્ચ કરીને સૌથી પહેલા હોસ્ટેલ, ભોજનાલય,શિક્ષણ અને આરોગ્ય સંકુલ બનાવવામાં આવશે. આ માટે દેશ-વિદેશમાંથી અનેક દાતાઓનો સહકાર મળ્યો છે. અત્યારસુધીમાં 60 કરોડનું દાન ઊંઝા ઉમિયાધામને મળ્યું છે, જ્યારે 65 કરોડ રૂપિયા સંસ્થાન પાસે છે. આ અવસરે માં ઉમિયા માતાજી સંસ્થાન અધ્યક્ષ મણીદાદા, ટ્રસ્ટી સી કે પટેલ, વસુદેવ પટેલ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

■ સુરતમાં શુભમંગલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ઉપધાન તપોત્સવ અંતર્ગત ૫ ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી માળારોપણ મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં આજરોજ ૨૦૯ ઉપધાન તપના આરાધકોએ મોક્ષમાળ પહેરી હતી. પાલ સ્થિત ગુરુરામ પાવનભૂમિ મધ્યે ગચ્છાધિપતિ આચાર્ય અભયદેવસૂરીશ્વર, આચાર્ય જગચ્ચન્દ્રસૂરીશ્વર, આચાર્ય મોક્ષરત્નસૂરીશ્વરની નિશ્રામાં ૮ ડિસેમ્બરે ગચ્છાધિપતિ અભયદેવસૂરીશ્વરના ૬૦માં દીક્ષા દિવસની ઉજવણી ભવ્ય ઉજવણી સાથે મોક્ષમાળનો પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવાયો અને ગુરુવારે ૯ ડિસેમ્બરે અંતિમ દિવસે માંગલિક-હિતશિક્ષા સાથે ૪૭ દિવસનું ઉપધાન તપનું અંતિમ ચરણ મોક્ષમાળના તપસ્વીઓના શાહી પારણાં થયા હતા. **(તસવીરઃ ડિમ્પલ બંગડીવાલા)**

અમદાવાદ કોંગ્રેસના બે ધારાસભ્યોની જોડીએ પક્ષને પતાવી દીધોઃ કોર્પોરેટરોનો પ્રદેશ પ્રમુખ સમક્ષ બળાપો

૧૪ કોર્પોરેટરોના જૂથે પ્રમુખ જગદીશ ઠાકોર અને પ્રભારી ડો. રઘુ શર્મા સમક્ષ રજૂઆત કરીઃ બંને ધારાસભ્યોને 'રંગા-બિલ્લા'ની જોડીનું ઉપનામ આપી દીધું

અમદાવાદ, તા.૮

અમદાવાદ મ્યુનિ.કોંગ્રેસપક્ષ નેતાની પસંદગીમાં નેતાગીરી ઉપર દબાણ કરી રહેલાં શહેરના બે કોંગ્રેસના ધારાસભ્યો સામે મ્યુનિ.કોંગ્રેસનાં કોર્પોરેટરોનાં એક જૂથે બાંયો ચડાવીને આક્રોશ ઠાલવતાં તેમને રંગા-બિલ્લાની ઉપમા આપીને નવું નામકરણ કરી આ બંનેએ જ અમદાવાદ શહેરમાં કોંગ્રેસને પતાવી દીધી હોવાનો આક્ષેપ કરતાં નવા પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને પ્રભારી ડો. રઘુ શર્મા સડક થઈ ગયા હતા.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે ગઈકાલે હોદ્દો ગ્રહણ કર્યા બાદ આજે મ્યુનિ.કોંગ્રેસપક્ષ નેતાની પસંદગી કરવાના મામલે ૧૪ કોર્પોરેટરનાં એક જૂથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની મુલાકાત લીધી હતી. તે સમયે કોંગ્રેસ પ્રભારી ડો. રઘુ શર્મા ઉપસ્થિત હતા. તેનો લાભ લઈ ૧૪ કોર્પોરેટરોએ ભારે હૈયાવરાળ ઠાલવતાં જણાવ્યું હતું કે, મ્યુનિ. ચૂંટણીમાં ટિકિટ વહેંચણીમાં રંગા-બિલ્લા (કોંગી ધારાસભ્યોની જોડી)ની મનમાની અને દાદાગીરીને કારણે જ કોંગ્રેસનાં ૫૦ કોર્પોરેટરો હતા તેમાંથી ૧૦૦ થવાને બદલે ઘટીને ૨૪ થઈ ગયાં છે! એટલું જ નહીં, મ્યુનિ.ચૂંટણી પછી આજે ૯ મહિના થઈ ગયાં છતાં કોંગ્રેસપક્ષ નેતાની વરણી થઈ શકતી નથી, પરિણામે શાસક ભાજપ મ્યુનિ. સામાન્ય સભામાં અમને હાસ્યાસ્પદ બનાવે છે, નેતા નહિ હોવાથી સામાન્ય સભામાં અમે અમારી વાત મક્કમતાથી રજૂ કરી શકતા નથી અને અમારો અવાજ દબાવી દેવામાં આવે છે તેવી રજૂઆત પણ ૧૪ કોર્પોરેટરોનાં જૂથે કરી હતી.

રંગા-બિલ્લા શબ્દ સાંભળીને પ્રભારી રઘુ શર્મા ચમક્યા હતા અને કોના માટે આ શબ્દ વપરાયો તેવી પૃચ્છા કરતાં કોર્પોરેટરોએ બે ધારાસભ્યોનાં નામ આપ્યા હતા, તે સાંભળીને પ્રભારી પણ હસી પડ્યા હતા. સામેનાં જૂથનાં કોર્પોરેટરો પ્રદેશ કોંગ્રેસ રજૂઆત કરવા આવ્યા હોવાની જાણ બે ધારાસભ્યને થતાં તેમણે તરત તેમનાં જૂથનાં કોર્પોરેટરોને પણ પ્રદેશ કોંગ્રેસ પહોંચવાનો આદેશ કર્યો હતો અને તેના પગલે બીજા જૂથનાં ૧૦ કોર્પોરેટરો પણ પ્રદેશ કોંગ્રેસ દોડી આવ્યા હતા. કોંગ્રેસનાં કોર્પોરેટરોનાં બંને જૂથની રજૂઆત સાંભળ્યા બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને પ્રભારીએ જણાવ્યું હતું કે, આગામી ચાર પાંચ દિવસમાં જ તમામ કોર્પોરેટરોને વન ટુ વન બોલાવીને સાંભળવામાં આવશે અને ૧૨મી પહેલાં નેતાની વરણી કરવાનાં શક્ય એટલા પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બનાવવા હવે સેટેલાઈટ ઈમેજ અને આઈટીનો ઉપયોગ કરાશે

પ્રોજેક્ટના આયોજન અને ત્વરિત અમલીકરણ માટે વડાપ્રધાનના ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ રાજ્યમાં પાંચ હજાર પોર્ટલ બનાવવા આયોજન

અમદાવાદ, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલો નેશનલ માસ્ટર પ્લાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અમલીકરણમાં ગેમ ચેન્જર સાબિત થવાનો છે. આ પ્લાન સાથે કદમથી કદમ મિલાવવા માટે ગુજરાત સરકારે ગતિશક્તિ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. બાયસેગના માધ્યમથી ટેક્નોલોજીનો સમન્વય કરી ગતિશક્તિ પ્રોજેક્ટ નિર્માણ કાર્યના આયોજન અને સમયસર પૂર્ણ કરવા અસરકારક બનવાનો છે. આમ ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બનાવવા હવે સેટેલાઈટ ઈમેજ અને આઈટીનો ઉપયોગ કરાશે.

ઉલ્લેખનીય છે કે ગતિશક્તિમાં પ્રોજેક્ટ રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોને એક કોમન પ્લેટફોર્મ ઉપર લાવવામાં આવી રહ્યા છે. આ વિભાગો એટલે કે માર્ગ અને મકાન વિભાગ, રેલવે વિભાગ, વન વિભાગ, વીજળી વિતરણ વિભાગ, ટાઉન પ્લાનિંગ, મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ, પાણી પુરવઠા વિભાગ જેવા વિભાગો કે જે જાહેર નિર્માણ સાથે સંકળાયેલા છે.

સામાન્ય રીતે ઉક્ત વિભાગો દ્વારા રેલવે લાઈન નાખવાની, માર્ગો બનાવવાની, પાણીની લાઈન નાખવાની, વીજળી, ગટર તથા પાણીની લાઈન નાખવાની કામગીરી કરવામાં આવે છે. આ સંજોગોમાં એક પ્રોજેક્ટના અમલીકરણ માટે એક વિભાગ દ્વારા અન્ય વિભાગો સાથે સંકલન સાધવું પડે છે અને મંજૂરી, ના વાંધા પ્રમાણપત્રો લેવા પડે છે. આના કારણે પ્રોજેક્ટ પૂર્ણ થવામાં સમય વધુ લાગે છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા એક લાંબી પાઈપ નાખવાના પ્રોજેક્ટમાં અનેક પ્રકારની માહિતીની જરૂર હોય છે. આ ઉપરાંત ધોરીમાર્ગો, ચેકડેમ, આંતરમાળખાકીય પ્રોજેક્ટો માટે તમામ માહિતી હવે કોમન પ્લેટ ફોર્મ ઉપરથી જ મળી રહેશે. આ બાબત હવે વાસ્તવિક રીતે આકાર લઈ રહી છે. પ્રોજેક્ટના આયોજનને એક કોમન પ્લેટફોર્મ ઉપર લાવવામાં આવી રહ્યુંછે. વિકસિત દેશોમાં જે રીતે થાય છે એ જ પ્રકારે આપણા દેશ અને રાજ્યમાં પણ નિર્માણકાર્યમાં ટેક્નોલોજીનો સંપૂર્ણ ઉપયોગ થવા જઈ રહ્યો છે, એનું નામ છે ગતિશક્તિ પ્રોજેક્ટ છે.

ગુજરાત હાઈકોર્ટ એસો.ની ચૂંટણીમાં કમિટીની ૧૦ સહિત ૧૫ બેઠકો માટે બાવન ઉમેદવારોની દાવેદારી

અમદાવાદ, તા.૮

ગુજરાત હાઈકોર્ટ એડ્વોકેટ્સ એસોસિયેશનની ચૂંટણીને લઈને ઉમેદવારોની સંખ્યાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. પ્રમુખ, ઉપ પ્રમુખ, જોઈન્ટ સેક્રેટરી અને ખજાનચી ઉપરાંત 10 કમિટી સભ્યો સહિત કુલ 15 પદની ચૂંટણી માટે કુલ 52 ઉમેદવારો ફોર્મ ભર્યા છે. ઉમેદવારી નોંધાવવા અને પરત ખેંચવા અંતિમ દિવસે 41 ઉમેદવારોએ ફોર્મ પરત લીધા છે.

આગામી 17મી ડિસેમ્બરના રોજ ગુજરાત હાઈકોર્ટ એડ્વોકેટ્સ એસોસિયેશનની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જે માટે ઉમેદવાર તરીકે દાવેદારી નોંધાવવાના અંતિમ દિવસે કુલ 52 ઉમેદવારોએ વિવિધ પદ પર ચૂંટણી લડવા માટે ઉમેદવારીપત્રકો ભર્યા છે. સૌથી મોટી વાત એ છે કે, આ વખતે પહેલીવાર કમિટીની બેઠક માટે સૌથી વધારે 33 જેટલા ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી છે પ્રમુખ માટે 3, ઉપપ્રમુખ માટે 3 તથા સેક્રેટરી પદ માટે 3 ઉમેદવાર, જોઈન્ટ સેક્રેટરીના પદ માટે 4 ઉમેદવાર તથા ખજાનચીના પદ માટે 6 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. 10મી ડિસેમ્બરના રોજ આવેલ ઉમેદવારીપત્રકની સ્ક્રુટીની કરી માન્ય ઉમેદવારોની યાદી જારી કરવામાં આવશે.

ગુજરાત વહીવટી સેવાના ૧૬ GAS અધિકારીઓને IAS તરીકે બઢતીઃ પોસ્ટિંગમાં કોઈ બદલાવ નહીં

અમદાવાદ, તા.૮

ગુજરાત વહીવટી સેવા(GAS)ના 16 IAS અધિકારીને પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં જે. પી. દેવાંગન, એસ.ડી. ધાનાણી, ડી.એમ. સોલંકી, પી.એન. મકવાણા, એ.જે. અસારી, બી.કે. વસાવા, કે.એસ. વસાવા, સી.બી. બલાત, બી.બી. વાહોનિયા, આર.આર. ડામોર, એસ.પી. ભગોરા, એલ.એમ. ડિંડોડ, બી.ડી. નિનામા, એન.વી. ઉપાધ્યાય, એ.આર. શાહ અને પી.બી. પંડ્યાનો સમાવેશ થાય છે. આ તમામ અધિકારીઓને તેમની હાલના પોસ્ટિંગ પર જ રાખવામાં આવ્યા છે.

સર્વ શિક્ષા અભિયાનના એડિશનલ ડાયરેક્ટર જે.પી. દેવાંગન, ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી(પોરબંદર)ના ડાયરેક્ટર એસ.ડી. ધાનાણી, એડિશનલ ડાયરેક્ટર(ડેવલપમેન્ટ), કમિશનરેટ ઓફ જીયોલોજી એન્ડ માઈનિંગ(ગાંધીનગર), રેવન્યૂ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી, પી.એન. મકવાણા, પોરબંદર-કુતિયાણાના પ્રાંત અધિકારી, એ.જે. અસારી, પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર (ટ્રાયબલ એરિયા સબપ્લાન) બી.કે. વસાવા, રિજનલ વિશ્લેષણ કમિટીના જોઈન્ટ ડાયરેક્ટર કે.એસ. વસાવાને બઢતી આપવામાં આવી છે.

આ ઉપરાંત ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સીના ડાયરેક્ટર સી.બી. બલાત, ઔડા(અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી)ના એડિશનલ કલેક્ટર બી.બી. વાહોનિયા, એડિશનલ કલેક્ટર(રિજનલ મ્યુનિસિપાલિટી કમિશનર, ભાવનગર) આર.આર. ડામોર, ટ્રાયબલ એરિયા સબ પ્લાનના પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર (પંચમહાલ-ગોધરા) એસ.પી. ભગોરાને પણ પ્રમોશન મળ્યું છે.

જ્યારે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ એજન્સી(નર્મદા-રાજપીપળા)ના ડાયરેક્ટર એલ.એમ. ડિંડોડ, ટ્રાયબલ એરિયા સબ પ્લાનના પ્રોજેક્ટ(દાહોદ) ડાયરેક્ટર બી.ડી. નિનામા, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર એન.વી. ઉપાધ્યાય, GPSCના જોઈન્ટ ડારેક્ટર એ.આર. શાહ અને રેસિડન્ટ એડિશનલ કલેક્ટર(અમદાવાદ) પી.બી. પંડ્યાનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રમાં ભૂકંપનો આંચકોઃ ગોંડલ અને વીરપુરમાં ૩.૪ની તીવ્રતાથી ધરતી ધ્રજતાં લોકોમાં ગભરાટ

વહેલી સવારે જ ધરતીકંપ અનુભવાતાં લોકો ઘરની બહાર દોડી આવ્યાઃ આંચકાની તીવ્રતા ઓછી હોવાથી કોઈ નુકસાન નહીં

રાજકોટ, તા.૮

ગુજરાતમાં કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાતા હોવાના અહેવાલો અવારનવાર આવતા રહે છે, પરંતુ આજે વહેલી સવારે રાજકોટ જિલ્લાના ગોંડલ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે પોણાસાત વાગ્યાની આસપાસ 3.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ગોંડલથી 22 કિ.મી દૂર નોંધાયું હતું.

ગોંડલ સહિત ગ્રામ વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાતાં લોકોમાં ડર ફેલાયો હતો. વહેલી સવારે ભૂકંપનો આંચકો આવતાં લોકો ગભરાઈ ગયા હતા. લોકો ભૂકંપના ડરથી ઘરની બહાર દોડી આવ્યા હતા. હાલમાં ભૂકંપના આંચકાને પગલે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. યાત્રાધામ વીરપુરમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

આટકોટ પંથકમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપની ખબર પડતાં જ લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા. જોકે આંચકાની તીવ્રતા ઓછી હોવાથી મોટા ભાગના લોકોને અનુભવ થયો નહોતો. બારી-બારણાં પર ભૂકંપની અસર દેખાઈ હોવાનું લોકોએ જણાવ્યું હતું.

તાજેતરમાં જ બનાસકાંઠા જિલ્લામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. 4.1ની તીવ્રતાનો ભૂકંપ આવતાં એની અસર પાલનપુર સહિત જિલ્લાના અનેક તાલુકાઓમાં જોવા મળી હતી.

નામ બદલેલ છે

મારું જૂનું નામ **અંકિત બલવંતભાઇ પ્રજાપતિ** હતું જે બદલીને નવું નામ **અંકિત બલવંતભાઇ મિસ્ત્રી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

લિ.અંકિત બલવંતભાઇ મિસ્ત્રી

સરનામુંઃ ૭૯૧, કુંભારવાડ, કાનપુરા, તા.વ્યારા, જી.તાપી-૩૯૪૬૫૦

US કોન્સ્યુલેટ જનરલના પ્રતિનિધિઓએ અમદાવાદમાં GTUની મુલાકાત લીધી

અમદાવાદઃ ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પસંદગી અમેરિકા હોવાથી તાજેતરમાં GTU ખાતે યુએસ કોન્સ્યુલેટ જનરલના કોમર્શિયલ ઓફિસર હારોલ્ડ બ્રાયમન અને કોમર્શિયલ સ્પેશ્યાલિસ્ટ અને ઓફિસ ડિરેક્ટર સંગીતા તનેજાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમણે GTU ખાતે કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને ડૉ. કેયુર દરજી સાથે વિદ્યાર્થીઓના શિક્ષણ સંબધીત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કરવામાં આવેલા વિવિધ પરીવર્તનશિલ નિર્ણયો અને તેનાથી થતાં ફાયદાઓ તેમજ દર વર્ષે GTU માંથી 50થી વધુ વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ એક્સચેન્જ પોલિસી અંતર્ગત કેન્સાસ સ્ટેટ યુનિવર્સિટી ખાતે અભ્યાસ અર્થે જતાં હોવાથી તેમની પ્રવેશ પ્રક્રિયાથી લઈને તમામ બાબતો અર્થે મુલાકાત દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી.

હોસ્પિ., સ્ટીલ અને એજ્યુકેશન વ્યવસાય સાથે સંકળાયેલા અમદાવાદના સાલ ગ્રુપ ઉપર IT વિભાગનું સર્ચ ઓપરેશન

મુંબઈ-દિલ્હી આવકવેરા વિભાગની સંયુક્ત ટીમના ૧૦૦થી વધુ અધિકારીઓના ૧૦થી વધુ ઠેકાણે દરોડા

અમદાવાદ, તા.૮

દર્દીઓ પાસેથી કોરોનાની સારવારના નામે તોતિંગ રૂપિયા વસૂલ્યા હોય તેવી અનેક હોસ્પિટલો કોરોનાકાળ બાદ આઈટીના રડારમાં આવી છે. આવામાં કોરોનામાં કરોડો કમાઈ ગયેલી હોસ્પિટલો પર આઈટી ડિપાર્ટમેન્ટે લાલ આંખ કરી છે. ત્યારે અમદાવાદની પ્રખ્યાત સાલ હોસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના ઘરે આવકવેરા વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. વહેલી સવારથી જ આવકવેરાના વિભાગના અધિકારીઓએ રાજેન્દ્ર શાહના ઘરે ધામા નાખ્યા છે. ઉપરાંત સાલ હોસ્પિટલ , કોલેજ અને સાલ સ્ટિલ પર આઈટીની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

મહત્વનું છે કે આઇટીના સર્ચ ઓપરેશનમાં એક પણ અધિકારી અમદાવાદના નથી. મુંબઈ-દિલ્લી આવકવેરા વિભાગની સંયુક્ત ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને 10થી વધુ સ્થળોએ આવકવેરા વિભાગના અધિકારીઓએ સર્ચ કામગીરી કરી છે. આજે સવારે છ વાગ્યાથી રાજેન્દ્ર શાહના ઘરે થઈ તપાસ રહી છે. અહીં મુંબઈ આવકવેરા વિભાગની ટીમ ત્રાટકી છે.

મુંબઈ આવકવેરા વિભાગની ટીમ દ્વારા સાલ હોસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના સુરધારા સર્કલ નજીક આવેલા મણીચંદ્ર સોસાયટી વિભાગ 5 માં આવેલા નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા છે. સાલ હોસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના નિવાસ્થાનથી 1 કિમીના અંતરે તેમની સાલ હોસ્પિટલ આવેલી છે. આવકવેરા વિભાગ થોડા સમયથી સાલ ગ્રુપ પર નજર રાખી રહ્યું હતું અને વિભાગને શંકા છે કે કંપનીએ પોતાની આવક છુપાવી છે. જેના આધારે ડીપાર્ટમેન્ટ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સાલ હોસ્પિટલ, સાલ સ્ટીલ અને સાલ એજ્યુકેશન પર અત્યારે 100થી વધું અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે.

રાજેન્દ્ર શાહ પ્રમોટેડ સાલ ગ્રુપ હોસ્પિટલ, સ્ટીલ અને એજ્યુકેશન સેક્ટર સાથે સંકળાયેલું છે. ગ્રૂપની સાલ સ્ટીલનામની કંપની સ્ટોક એક્સ્ચેન્જ પર લિસ્ટેડ છે અને ગ્રૂપનું ટર્નઓવર રૂ. 400 કરોડથી વધુનું હોવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ 2019માં ગ્રૂપની રેવન્યુ રૂ. 575 કરોડ હતી જે ઘટીને 2021માં રૂ. 301 કરોડ થઈ હતી. ચાલુ નાણાકીય વર્ષમાં તેનું ટર્નઓવર રૂ.200કરોડનીનજીકરહ્યુંછે.

ઈ-ઓક્શન સેલ નોટિસ

સુપ્રીમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડ (ફડયામાં)

કંપનીનું વેચાણ ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ 2016

CIN No. L51100GJ1995PLC026968

સુપ્રીમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડ (ફડયામાં)નું વેચાણ ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (લિક્વિડેશન પ્રોસેસ) નિયમો 2016 (લિક્વિડેશન રેગ્યુલેશન) નાં માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ અમદાવાદ બેંચ (એનસીએલટી) નાં **તા. 5મી એપ્રિલ, 2021**ના હુકમ નંબર સીપી (આઈબી) 501/7 NCLT/AHM/2018 (12મી એપ્રિલ, 2021ના રોજ પ્રકાશિત) મુજબ વેચાણ નીચે સહી કરનાર દ્વારા ઈ-ઓક્શન પ્લેટફોર્મ **https: //www.auctionfocus.in** ઉપર થશે.

મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂપિયા કરોડમાં)	ઈએમડીની રકમ (રૂપિયા કરોડમાં)
કોર્પોરેટ દેવાદાર મે. સુપ્રીમ (ઈન્ડિયા ઈમ્પેક્સ) લિમિટેડ, જે નિયમ 32(ઈ) સાથે વાંચો લિક્વિડેશન પ્રોસેસ રેગ્યુલેશન્સ, 2016નાં નિયમ 32A હેઠળ નીચે જણાવેલી મિલકત (સંદર્ભ ઈ-ઓક્શન પ્રોસેસ ડોક્યુમેન્ટ કોર ફર્ધર ડિટેલ્સ) એ) ફેક્ટરીની જમીન અને મકાન, પ્લાન્ટ અને મશીનરી અંદાજીત ક્ષેત્રફળ 31,000 ચો.ફૂટ, પ્લોટ નંબર 823/2, સચિન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાગર હોટેલ નજીક, રોડ નંબર-8, સચિન જીઆઈડીસી, તલંગપોર, ચોર્યાસી, સુરત. બી) ઈન્ડસ્ટ્રીયલ જમીન ક્ષેત્રફળ 43,894 ચો.ફૂટ, પ્લોટ નંબર 15, સચિન એપેરલ પાર્ક (SEZ), સચિન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વાંઝ, સુરત. સી) દુકાન ક્ષેત્રફળ 1700 ચો.ફૂટ (કાર્પેટ એરિયા), દુકાન નંબર D-1425 થી 1429 અને D-1478થી 1482, ગ્રાઉન્ડ ફ્લોર, રઘુકુલ માર્કેટ, મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ નજીક, મીઠી ખાડી રોડ, રીંગરોડની સામે, આંજણા, સુરત. ડી) તમામ સુરક્ષિત અને નાણાકીય સંપત્તિ જેમાં લેણાં, વ્યાપારનો સ્ટોક, રોકાણો અને અન્ય નાણાકીય સંપત્તિ અને સિક્યુરિટીઝનો સમાવેશ થાય છે.	14.60	1.50

રસ ધરાવનાર અરજદારો તેમના કોર્પોરેટ દેવાદારોની સંપત્તિ ખરીદવા માટેનાં ઈરાદાપત્રોની સાથે દર્શાવેલી ઈએમડી ઈ-ઓક્શન પ્રોસેસ ડોક્યુમેન્ટ જેમાં ઈ-ઓક્શનનાં નિયમો અને શરતો છે, તે મોકલવા. ઓક્શન પ્રોસેસ ડોક્યુમેન્ટ્સ માટે કૃપયા અમારી વેબસાઈટ www.auctionfocus.in નો સંપર્ક કરવો અથવા ઈ-મેલ liquidator.Supremeindia@gmail.com & liqoffice.supremeindia@gmail.com નો સંપર્ક કરવો અથવા ફોન નંબર +91-9833271593 નો સંપર્ક કરવો.

અન્ય મુદ્દાઓઃ

1.ઈ-ઓક્શન **ક્યાં છે, જેમ છે ધોરણે જે છે તે છેનાં ધોરણે અને ત્યાં જે છે તે છે**નાં ધોરણે અને કોઈ ઉપાય નથીનાં ધોરણે થશે.

2. આ સેલ નોટિસ અને ઈ-ઓક્શન પ્રોસેસ ડોક્યુમેન્ટની વિગતવાર શરતો અને નિયમો તેમ જ સંપત્તિની ઝૂંફી વિગતો, બીડ એપ્લિકેશન ફોર્મ અને ઈ-ઓક્શનથી વેચાણનાં સામાન્ય શરતો અને નિયમો અમારી વેબસાઈટ www.auctionfocus.in ઉપરથી મળી શકશે અથવા ઈ-મેલ liquidator.Supremeindia@gmail.com & liqoffice.supremeindia@gmail.com પરથી મેળવી શકાશે.

3. ઈરાદાપત્રની સાથે ઈએમડી ભર્યાનો પુરાવો અને અન્ય દસ્તાવેજો જે ઈ-ઓક્શન પ્રોસેસ ડોક્યુમેન્ટમાં જણાવવામાં આવ્યા છે, તે લિક્વિડેટરને ઈ-મેલ liquidator.Supremeindia@gmail.com&liqoffice.supremeindia@gmail.com દ્વારા **તા. 27મી ડિસેમ્બર, 2021ની સાંજે 7.00 કલાક પહેલાં** મોકલવાનાં રહેશે. દસ્તાવેજોની હાર્ડ કોપી લિક્વિડેટરનાં નીચે જણાવેલા સરનામે જી-૧૯,શ્રી વર્ધન કોમ્પલેક્સ, મેઝેનાઇન ફ્લોર, લેન્ડ માર્ક બિલ્ડિંગ પાસે, રામદાસ પેઠ, વર્ધા રોડ, નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦૦૧૦ ઉપર તા. 27મી ડિસેમ્બર,